
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



વિનોદભાઈ એન. શાહ
(૧૯૫૦)મો.૯૯૧૩૩૭૯૦૩૮



ધીરજલાલ પી. સંઘાણી
(૧૯૫૦)ફોન. ૨૩૨૩૧૫૧૮

## અમદાવાદ સિટી પૂર્વ તાલુકામાં ૩૪ ગામોનો સમાવેશ

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદ સીટી પૂર્વ મામલતદાર કચેરીનો પ્રારંભ થતા આ નવરચિત તાલુકાના કુલ ૩૪ ગામોને તેનો લાભ મળશે. આ ગામોમાં હાંસોલ, કોતરપુર, દરિયાપુર-કાજીપુર, નિકોલ, ઓઢવ, રખિયાલ, બહેરામપુરા, શાહવાડી, ગ્યાસપુર, પીપળજ, સૈજપુર-ગોપાલપુર, નરોડા, સરદારનગર, સૈજપુર બોઘા, અસારવા, રાજપુર-હીરપુર, મીઠીપુર, બાગે ફિરદોશ, ખોખરા મહેમદાવાદ, નારોલ, ઈસનપુર, ઘોડાસર, દાણીલીમડા, શહેર કોટડા, મુઠીયા, હંસપુર, વસ્ત્રાલ, રામોલ, વિંઝોલ, કમોડ, લક્ષ્મીપુરા હાથીજણ, લાંભા અને વટવાનો સમાવેશ થતો હોવાની માહિતી સીટી મામલતદાર, ઈસ્ટ શ્રીમતી અનસુયાબેન જહાએ આપી હતી.




કેન્દ્ર સરકારની કથિત ખેડૂત વિરોધી નીતિ સંદર્ભે ભાજપા પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુના નેતૃત્વ હેઠળ તા. ૬ એપ્રિલથી પ્રસ્થાન પામેલી 'કિસાન હિત યાત્રા' પોતાના રથ અને રસાલા સાથે આજે તલોદ ખાતે આવી હતી. આ યાત્રા સભાના રૂપમાં ફેરવાઈ જતાં અધ્યક્ષ ફળદુ અને અનેક વકતાઓએ સંબોધી હતી. યાત્રા અને સભામાં તલોદ-પ્રાંતિજ તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા જે દ્દશ્યમાન થાય છે. (તસવીર : જીતુ ત્રિવેદી, તલોદ)

## સમાચાર ઝલક

- રાજકોટના પેડક રોડ પર નવનિર્મિત બંગલામાં રમતા રમતા પાણીના ટાંકામાં ખાબકેલા ત્રણ વર્ષના આદિવાસી બાળકનું મોત.
- કાલ સુધી તાપમાનમાં વધારો થવાની આગાહી : શનિવારથી ગરમીમાં રાહત રહેશે.
- સીંગતેલનો નવો ડબ્બો રૂ. ૨૧૦૦ : અત્યાર સુધીનો સૌથી ઉંચો ભાવ.
- ગુજરાતના સોના-ચાંદી બજારમાં ડાઉન ટ્રેન્ડ : આયાત કરતાં ઓછી કિંમતે વેચાણ કરવા છતાં નરમાઈ.
- રાજકોટના બે શખ્સો અમદાવાદમાંથી લોડેડ રીવોલ્વર સહિતના ઘાતક શસ્ત્રો સાથે ઝબ્બે.
- લીંબડીમાં વીજચેકીંગ સ્કવોડ પર પથ્થરમારો : ગ્રામજનોનું કૃત્ય.
- ટૂંક સમયમાં ૫૦૦૦ આચાર્યોની નિમણૂંક કરવા સરકારનો નિર્ણય.
- ૧૦૮ એમ્બ્યુલન્સની જેમ હવે ઈમરજન્સીમાં હેલીકોપ્ટર આવશે : એર એમ્બ્યુલન્સ માટે દરખાસ્ત મંજૂર.
- નડિયાદ સિવિલ હોસ્પિટલના ઝાંપા પાસેથી અઢી વર્ષની બાળકી મળી આવી.
- ગુજરાત મેલ ટ્રેનમાંથી વિદેશી દારૂ સાથે ત્રણ મહિલાઓ ઝડપાઈ.



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે ભારતીય થલ સેનાના ગોલ્ડન કટાર ડિવીઝનના જનરલ ઓફિસર કમાન્ડીંગ મેજર જનરલ શ્રી આઈ. એસ. સિંઘાએ સૌજન્ય મૂલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રી સાથે મેજર જનરલ સિંઘાએ સુરક્ષા વિષયક પરામર્શ કર્યો હતો.

## ઈડરમાં ચાલતા મિત્ર મંડળના નામે કરોડોનો કારોબાર ફરિયાદના આધારે મામલતદારની પૂછપરછ

ઈડર, તા. ૨૭

ઈડરમાં ચાલતા મહાકાળી મિત્ર મંડળના સંચાલકને એક ફરિયાદના આધારે ઈડર મામલતદાર કચેરી દ્વારા લેખિતમાં મંડળ દ્વારા દર મહિને થતાં ફી અને ઈનામો અંગેના તમામ પુરાવા અને પરવાગીના દસ્તાવેજો, પાન કાર્ડ અને બેન્ક એકાઉન્ટની વિગતો રજુ કરવાનું જણાવતાં શહેરમાં ચાલી રહેતા ૪૦થી વધુ મિત્ર મંડળના સંચાલકોમાં ખળભળાટ મચી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈડર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી મિત્ર મંડળના નામે હપ્તાઓના ઉઘરાણા કરીને કરોડો રૂપિયા બનાવનારાઓનો રાફડો ફાટયો છે. એક અંદાજ મુજબ માત્ર ઈડરમાં ૪૦ થી વધુ મિત્ર મંડળો ચાલે છે અને વાર્ષિક ૨૫ થી ૩૦ કરોડનો કારોબાર સરકારની કોઈ પણ પ્રકારની મંજૂરી વગર ઈન્કમટેક્ષ ડિપાર્મેન્ટની આંખમાં ધૂળ નંખીને ચાલી રહ્યો છે.

શહેરમાં મહાકાળી મિત્ર મંડળના સંચાલક જયંતિલાલ પન્નાલાલ શાહ પાયલ રેડીયો શાકમાર્કેટ સામે દર મહિને ૧૦૦૦ કુલ ૩૦૦ સભ્યો પાસેથી ઉઘરાવી દર મહિને ડ્રોનું આયોજન કરવામાં આવે છે. જેમાં અગાઉથી નક્કી થયેલી સ્કીમ મુજબ ઈનામો આપવામાં આવે છે અને દર પાંચ મહિને બમ્પર ડ્રો રાખવામાં આવે છે. પરંતુ આ ડ્રો સિસ્ટમની કાયદેસરતા માટે ઈડર મામલતદાર એ.ડી. ગોસ્વામીને ફરિયાદ મળી હતી જેથી મામલતદારે ઉપરોકત મંડળના સંચાલક જયંતિલાલ શાહને પત્ર પાઠવીને મંડળના ૩૦૦ સભ્યોના નામ સરનામા બેન્કના ખાતાની વિગત નાણાંકીય વ્યવહાર કરનારના સહી, કરનારના નામ, ડ્રો કયાં રાખવામાં આવે છે. કલેકટર અને પોલીસની પૂર્વ મંજુરી લીધી છે કે તેના તેના તમામ પુરાવા અને પરવાનગીના દસ્તાવેજો સહિત વિગતો રજૂ કરવાનું જણાવતાં શહેરમાં મિત્ર મંડળો ચલાવતા સંચાલકોમાં ખૂબ જ હાઉ મચી ગયો છે.

## ફોસલાવીને એ.ટી.એમ. કાર્ડ લઈ પૈસા ઉપાડી, વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે એક એ.ટી.એમ.માંથી એક ઈસમ દ્વારા એક ભાઈનું કાર્ડ લઈ પૈસા ઉપાડી, વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની હિંમતનગર ટાઉન પોલીસ મથકે નોંધ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

તા. ૨૬મી એપ્રિલ ૨૦૧૨ને બપોરે ૧૨.૩૦ કલાકે હિંમતનગર સિવિલ સર્કલ સામે આવેલા એસ.બી.આઈ. એ.ટી.એમ.માંથી ગોવર્ધનસિંહ નારાયણસિંહે ગિરીશભાઈ સોલંકીનું એ.ટી.એમ. કાર્ડ લઈ, 'લાવો હું તમને એ.ટી.એમમાંથી પૈસા કાઢી આપું' કહી વિશ્વાસમાં લઈ હોંશિયારીથી ૩૦૦ રૂ. ઉપાડી લીધા હતા. આ બાબતે હિંમતનગર ટાઉન પોલીસ મથકે ગિરીશભાઈ સોલંકી, તલોદ ના એ ફરિયાદ નોંધાવી હતી.

## લક્ષ્મીપુરા ગામ પાસેની ભીમાક્ષા નદી ઉપર બે પૂલ મંજૂર થતાં લોકોમાં આનંદ

હિંમતનગર, તા. ૨૭

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામ પાસેથી પસાર થતી ભીમાક્ષી નદી ઉપરની વર્ષો જુની બે પૂલની માગણી તાજેતરમાં સંતોષાતા પૂર્વ વિસ્તારના ગામડાઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. આ પે પૂલ બનતાં લોકોની સુવિધામાં વધારો થશે અને ચોમાસાની સીઝનમાં નદીમાં આવતા પુરથી પડતી મુશ્કેલીનો અંત આવશે.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા-દામાવાસ-કરૂંડા, ડાભીપુરા-તાંદલીયા તથા ઈડર-વડાલી તાલુકાના લોકોની ભીમાક્ષી નદી ઉપર પૂલ બનાવવા મંજુરીનો મુખ્ય પ્રશ્ન હતો. વર્ષો જુની આ માગણી સરકાર દ્વારા તાજેતરમાં સંતોષવામાં આવતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળે છે. લક્ષ્મીપુરા ગામ પાસેથી પસાર થતી ભીમાક્ષી નદી ઉપર લક્ષ્મીપુરાથી દામાવાસ તથા લક્ષ્મીપુરાથી કરૂંડા એમ બે પૂલની મંજુરી મળી છે. લક્ષ્મીપુરાથી દામાવાસના પૂલના પાયાના કામના શ્રી ગણેશ કરવામાં આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના ઈજનેર આર.કે. પટેલના જણાવ્યા અનુસાર લક્ષ્મીપુરાથી દામાવાસને જોડતા પૂલનું રૂ. ૧.૪૦ કરોડનું ખર્ચ કરવામાં આવશે. આ પૂલની લંબાઈ ૪૦ મીટર અને પહોળાઈ આઠ મીટર છે. જિલ્લા પંચાયતના બાંધકામ શાખાના ઈજનેર જે.સી. પટેલના જણાવ્યા અનુસાર લક્ષ્મીપુરાથી કરૂંડાના પુલ માટે તાજેતરમાં સરકાર દ્વારા એક કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે. પ્લાન-એસ્ટીમેન્ટ બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લક્ષ્મીપુરા પંચાયતના મહીલા સરપંચ આનંદીબેન એમ. પટેલ, ફુલજીભાઈ ઘેમરભાઈ પટેલ, લાલજીભાઈ ભીખાભાઈ પટેલ, જીતાભાઈ ઘેમરભાઈ પટેલ, જગુભાઈ મુળજીભાઈ પટેલ અને હરીભાઈ વીરસંગભાઈ પટેલ સહીત ગ્રામજનોએ આ બે પૂલની મંજુરી અંગે ખુશી વ્યકત કરી હતી.

## ધંધુકા નજીક અકસ્માતમાં મૃત્યુ પામેલા દસ વ્યક્તિઓના વારસને એક લાખની સહાય

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગઈ મોડીરાત્રે બગોદરા-ધંધુકા હાઈવે રોડ ઉપર ખડોળ નજીક થયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ભોગ બનેલા ભરવાડ પરિવાર પ્રત્યે દિલસોજીની સાંત્વના વ્યકત કરી છે અને આ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલી દશ વ્યક્તિઓના વારસને પ્રત્યેકને રૂા. ૧ લાખ મુખ્ય મંત્રીશ્રીના રાહતફંડમાંથી માનવતાના ખાસ કિસ્સામાં સહાય મંજૂર કરી છે. આ ઉપરાંત જે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત છે તેમને સરકારી સિવીલ હોસ્પિટલમાં મફત સારવારની સુવિધા આપવાના આદેશ કર્યા છે.

## અમદાવાદ શહેરમાં ઘરફોડ ચોરીના કેસ ચિંતાજનક રીતે વધી ગયા છે

### શહેરના થલતેજ વિસ્તારમાં પરિવાર ધાબા પર સૂઈ રહ્યો હતો અને તસ્કરો ઘર સાફ કરી ગયા : મામલામાં તપાસ

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદીઓ ધાબા પર સૂતા પહેલાં સો વાર વિચારજો હા કારણ કે તસ્કરો તમારી ધાબા પર સુવાની મજા બગાડી શકે છે. થલતેજમાં એક પરિવારની મજા કંઈક આ રીતે જ બગડી શકે છે અને પરિવારને હજારો રૂપિયાનું નુકસાન ભોગવવું પડ્યું છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે થલતેજ વિસ્તારમાં આવેલી સાંદીપની સોસાયટીમાં પ્રભુભાઈ નારણભાઈ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે. પ્રભુભાઈ કડીયા કામનો વ્યવસાય કરે છે. ગત રાત્રીના સુમારે તેઓ જમી પરવારીને ઘરના તમામ સભ્યો ધાબા પર સૂઈ ગયા હતાં. દરમ્યાનમાં તસ્કરો તેમના ઘર પર ત્રાટક્યા હતા અને તિજોરીનું તાળું તોડી સોનાની ચેન અને બે વીંટી મળી કુલ રૂ. ૬૫ હજારની મત્તાના ચોરી ગયા હતા. વહેલી સવારે પરિવારજનો ઉઠ્યા ઘરમાં ચોરી થઈ હોવાનું જાણી ચોંકી ઉઠ્યા હતા. ઘટનાની જાણ કરતાં સોલા પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. સોલા પોલીસે પ્રભુભાઈની ફરિયાદ નોંધી હતી.

નોંધનીય છે કે ગરમીની સાથે સાથે શહેરમાં ઘરફોડ ચોરીના બનાવોમાં અચાનક વધારો થઈ ગયો છે. પરંતુ મોટાભાગની ચોરીની ઘટનામાં મકાન માલિકોની લાપરવાહી પણ કારણભૂત હોય છે. ક્યારેક કેટલાક પરિવારો મકાનના દરવાજા ખૂલ્લા રાખીને જ ધાબા પર સૂઈ જતાં હોય છે જેના કારણે ચોરીની ઘટનાઓ વધુ બનતી હોય છે.

## નિર્દોષ છૂટકારો....

● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે એક શિક્ષક સહિત બે વ્યક્તિઓની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. ત્યાર બાદ આ મામલે ૧૫૦૦થી ૨૦૦૦ના ટોળા સામે ફરીયાદ નોંધવામાં આવી હતી. આ ઉપરાંત ૧૨૦ આરોપીઓ સામે તોહમત ફરમાવવામાં આવ્યું હતુ.

સન ૨૦૦૨ની સાલમાં સમગ્ર વિસનગર તાલુકામાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. જેમાં ૨૮ફેબ્રુ.૨૦૦૨ના રોજ તોફાનીઓના એક ટોળાએ વિસનગર તાલુકાના ઉમતા ગામમાં વર્ષોથી વસવાટ કરનાર મુસ્લિમોના મહોલ્લા ઉપર સશસ્ત્ર હુમલો કર્યો હતો. ત્યારે પોતાના ઘરબાર છોડી રાતના અંધારામાં ઉમતામાં વસવાટ કરતા ૨૦થી વધુ પરિવારો મહિલાઓ અને બાળકો સાથે જીવ બચાવી નાસી છુટયા હતા. તોફાનીઓના ટોળાએ મુસ્લિમોના ઘર અને માલ-મિલકતોમાં આગ ચાંપી તોડફોડ મચાવી હતી.આ દરિમયાન એક સ્થળે જીવ બચાવવા સંતાઈ ગયેલા નિવૃત શિક્ષક મહંમદભાઈ અબ્દુલભાઈ તેમજ મનસુરી અબ્દુલભાઈ ઈબ્રાહીમભાઈ તોફાનીઓના હાથ લાગી જતાં બન્ને જણાને અત્યંત નિર્દયતાપૂર્વક મોતને ઘાટ ઉતારી મુકયા હતા. બચી ગયેલા લોકો તરફથી ફરિયાદ કરવામાં આવ્યા બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. પુરાવાના નાશ કરવા અને હત્યાના આરોપો મૂકવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન મૃતદેહ મળી શક્યા ન હતા પરંતુ લોહીના ડાઘા અને હાડકાઓ મળી આવ્યા હતા જેને ડીએનએ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા હતા. નિવૃત્ત ટિચરના અવશેષની ઓળખ થઈ હતી. આ સંબંધમાં પોલીસે ૧૨૦ લોકોની ધરપકડ કરી હતી અને બે ચાર્જશીટ દાખલ કરી હતી. વર્ષ ૨૦૦૫માં ટ્રાયલ ફાસ્ટ્રેક કોર્ટે ટ્રાયલ શરૂ કરી હતી અને કાર્યવાહી ૭ વર્ષ સુધી ચાલી હતી.

## પાટનગર ઝળહળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીએસએફ, એરફોર્સ, એનસીસી, સ્કાઉટ, સીઆરપીએફ, વન વિભાગ, ઘોડેસવાર પોલીસ, પેરા મીલીટરી ફોર્સિસની મળીને કુલ-૨૫-૩૦ પ્લાટુન્સ દ્વારા પરેડ રજૂ કરવામાં આવશે.

આ દિવસે વિવિધ પ્લાટુન્સની પરેડ નવા સચિવાલયના ચ-માર્ગના ગેટ નંબર ૬થી શરૂ થશે. ત્યાંથી મેઈન સ્ટેજ થઈ ટાઉન હોલના રસ્તે થી ઘ-૪, ઉદ્યોગ ભવન, બેંક ઓફ બરોડાના બિલ્ડીંગથી ગેટ નં-૬ આગળ સમાપ્ત થશે. આ પરેડમાં ગ્રામ વિકાસ, આરોગ્ય, બાગાયત, પશુપાલન, પંચાયત, વન વિભાગ, શહેરી વિકાસ, સમાજ કલ્યાણ, રક્ષા શકિત, ફાયર બ્રિગેડ, બેંકીંગ સેવાઓ, શિક્ષણ, કૃષિ, સિંચાઈ, ફોરેન્સિક સર્વિસીસ, સૌર ઉર્જા, શ્રમ-રોજગાર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ટ્રી ટ્રાન્સપ્લાન્ટર - વનવિભાગ, આઈસીસીયુ ઓન વ્હીલ, એમ વિવિધ વિષય- યોજનાઓના ટેબ્લો, વાહન સાથેના નિદર્શન સાથેના તથા ગુજરાતની સંસ્કૃતિને અનુરૂપ એવા સાંસ્કૃતિક કાર્યક્રમોનો રસથાળ રજૂ કરવામાં આવશે.

પરેડ-માર્ચ પાસ્ટની વિવિધ ટુકડીઓનું ફાઈનલ રિહર્સલ તા. ૩૦મી એપ્રિલના રોજ હેલીપેડ ખાતે યોજાશે. સ્વૈચ્છીક -સામાજિક સંસ્થાઓ તથા સમસ્ત નગરજનો આ ઉજવણીમાં સહભાગી બને તેવું આયોજન ગોઠવવામાં આવ્યું છે.જિલ્લા વહીવટી તંત્ર તરફથી સહુ નગરજનોને આ ગુજરાત દિનની ઉજવણીમાં સહભાગી બનવા નિમંત્રણ છે.

આ કોન્ફરન્સમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી, નિવાસી અધિક કલેકટર શ્રી ડી.બી.મહેતા અને ગાંધીનગર -ંત અધિકારી શ્રી -કાશ મકવાણા ઉપસ્થિત રહયાં હતાં.

## ખાનગી કોન્ટ્રાક્ટના ડ્રાઈવરની હડતાળ ચાલુ : ૪૦ બસો બંધ

ખાનગી બસ કોન્ટ્રાક્ટરના ડ્રાઈવરોની હડતાળ બીજા દિવસે પાત્ર ચાલુ રહી હતી અને આજે ૪૦થી વધુ બસો બંધ રહી હતી. આજે સત્તાવાળાઓએ તમામ રૂટો પર બસો દોડાવી હતી જો કે બસોની ફ્રિકવન્સી ઓછી રહી હતી. પગા વધારાના મુદ્દે ગઈકાલે એક ખાનગી બસ કોન્ટ્રાક્ટરના ડ્રાઈવરો એકાએક હડતાળ પર ઉતરી ગયા હતા. આથી ૬૫ બસો બંધ રહેતા મુસાફરોને ઘણી હાલાકી ભોગવવી પડી હતી. ગઈકાલે મંત્રણા હાથ ધરવામાં આવી હતી પરંતુ તે નિષ્ફળ જતાં આજે પણ ડ્રાઈવરોએ હડતાળ ચાલુ રાખી હતી. આજે ૪૦થી વધુ બસો બંધ રહી હતી.

## નવરચિત સિટી મામલતદાર પૂર્વ અમદાવાદ કચેરીનો પ્રારંભ



અમદાવાદ, તા. ૨૭

અમદાવાદ જિલ્લા સેવાસદન પરિસર ખાતે મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે નવરચિત સીટી મામલતદાર પૂર્વ અમદાવાદ કચેરીનો પ્રારંભ કરાવ્યો હતો. પૂર્વ અમદાવાદના ૩૪ ગામોના નાગરિકોને આ કચેરીનો લાભ મળશે. "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" યોજના હેઠળ રાજ્ય સરકારે જિલ્લાના સીટી અને દસક્રોઈ તાલુકાઓનું પુનઃગઠન કરી બે નવા તાલુકા, અમદાવાદ સીટી મામલતદાર પૂર્વ અને અમદાવાદ સીટી મામલતદાર પશ્ચિમની રચના કરી છે.

આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી મહેસૂલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નાગરિકોના પ્રૌનો સ્થાનિક સ્તરેથી નિકાલ થાય તે હેતુથી રાજ્યમાં વિકેન્દ્રિત વહીવટી વ્યવસ્થા ઉભી થઈ રહી છે. આ કચેરીના કારણે વિસ્તાર અને વસ્તીની દ્રષ્ટિએ વિશાળ અમદાવાદ જિલ્લામાં નવરચિત બે તાલુકામાં પ્રજાના પ્રૌંનું ઝડપી નિરાકરણ આવશે. રાજ્ય સરકારે કલસ્ટર અને પ્રાંત અધિકારીઓ દ્વારા પ્રજાના પ્રૌંનો ઝડપી નિકાલ કરવા પ્રારંભ કર્યો છે.

જિલ્લા પ્રભારી મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે અરજદારોને જનસેવા કેન્દ્રો દ્વારા પોતાના પ્રૌંનો નિકાલ કરવા પર ભારત મૂકયો હતો. તેમણે વહીવટી ખાતામાં વચેટિયાઓને દૂર કરવા તાકીદ કરી હતી. મંત્રીશ્રીએ ગરીબકલ્યાણ મેળા અને કૃષિ મહોત્સવ દ્વારા શ્રમયોગી અને કિસાનના ઉત્થાન માટેના પ્રયત્નોના લાભ લેવા જણાવ્યું હતું.

અમદાવાદ મહાનગરના મેયર શ્રી અસિતભાઈ વોરાએ પૂવ સીટી તાલુકા કચેરીને આવકારદાયક ગણાવી હતી. વોર્ડના વિકાસના પગલે વિકેન્દ્રીકરણ દ્વારા નાગરિકો અદ્યતન સુવિધા સાથે પોતાના પ્રૌંનું સ્થાનિક કક્ષાએ નિરાકરણ લાવી શકશે.

## શબ્દાવલી - ૪૭૧૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ૨ | ૩ | ■ | ૪ |
| | ■ | ■ | ■ | ૫ | | | |
| ૬ | | ૭ | ૮ | ■ | | ■ | |
| | ■ | ૯ | | | | ૧૦ | |
| ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | | | ■ |
| ૧૫ | | ૧૬ | | ■ | | ■ | ૧૭ |
| ૧૮ | | | ■ | ૧૯ | | | |

### આડી ચાવી

૧. સમુહમાં બેસીને બધાએ સાથે મળીને જમવું તે (૬)
૫. એક કંદ, ફરાળમાં લોકો આ કંદનો શીરો ખાય (૪)
૬. હતપ્રભ, ગભરાવું કે હિંમત હારી જવી તે (૪)
૯. સદ્દગૃહસ્થ, સભ્ય (૩)
૧૦. હકીકત, બીના, વાર્તા (૨)
૧૨. પ્યાલો, ....રકાબી (૨)
૧૩. માણસ પશુ વગેરેના શરીરનો હાડકા ચામડી વચ્ચેનો ભાગ (૨)
૧૪. માખણ લગાવવું, .... કરવી (૪)
૧૫. વરસાદની ફરફર, વરસવું (૪)
૧૮. ચામડીનો એક રોગ (૩)
૧૯. ખતવવું તે (૪)

### ઊભી ચાવી

૧. એડ્રેસ, ઠેકાણુ (૪)
૨. યશ, કીર્તિ (૨)
૩. પોલુ નહિ તેવું (૩)
૪. રાજય, હકૂમત (૪)
૭. સફળ (૨)
૮. સારો વિચાર (૫)
૧૦. પાછા આવવું તે (૩)
૧૧. વ્યાયામ (૪)
૧૨. કચવાયેલું (૪)
૧૩. તુલસીના છોડમાં ડાળીની ટોચે થતાં ડુંડા અને બી (૩)
૧૬. 'વામ' નું ઉંધું (૨)
૧૭. તેલ કાઢવાની ચક્કી કે યંત્ર (૨)

### શબ્દાવલી ૪૭૧૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) સુનયના (૩) વેપાર (૫) રાતરાણી (૭) ખાસ (૯) જલન (૧૦) બખારો (૧૩) વશ (૧૪) ભાવ (૧૬) જતન (૧૭) પાર (૧૮) નાપાશ (૨૦) સુતક (૨૧) ઉઠમણુ

**ઊભી ચાવી :-** (૧) સુરખાબ (૨) નારાજ (૩) વેરાન (૪) પાણી (૬) તલ (૮) સખાવત (૧૧) રોશન (૧૪) ભાજીપાંઉ (૧૫) સરવણુ (૧૬) જડસુ (૧૯) શઠ